**પ્રેસ પ્રકાશન**

**ભારતીય રિઝર્વ બૅન્ક**

વેબ સાઈટ: www.rbi.org.in

ઇ-મેઇલ : helpdoc@rbi.org.in

**સંચાર વિભાગ,**

કેન્દ્રિય કાર્યાલય, એસ બી એસ રોડ,

મુંબઈ-400 001

ફોન -91 22 2266 0502, ફેક્સ 91- 22 2266 0358

**તારીખ : માર્ચ 06, 2019**

**ઈટાવા અર્બન કો-ઓપરેટીવ અર્બન બેંક લી.,ઈટાવા (યુ.પી.) ઉપર લાદવામાં આવેલ દંડ**

બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 (કો-ઓપરેટીવ સોસાયટીઝ ને લાગુ પડે છે તે મુજબ) ની કલમ 46 (4) સાથે વાંચન માં લેતાં કલમ 47A(1)(c) ની જોગવાઈ હેઠળ રિઝર્વ બેંક ને આપવામાં આવેલી સત્તા ના પાલન અંતર્ગત, ભારતીય રિઝર્વ બેંક દ્વારા બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ, 1949(એએસીએસ) ની કલમ 36(1) અંતર્ગત કામગીરી વિસ્તાર, શાખા અધિકૃતતા નીતિ, વિસ્તરણ કાઉન્ટર ખોલવા/ સુધારવા, એટીએમ અને કાર્યાલય સ્થળાન્તર/વિભાજન/બંધ કરવા અંગે આપેલી નિરિક્ષણ સૂચનાઓ ના ઉલ્લંઘન માટે ઈટાવા અર્બન કો-ઓપરેટીવ અર્બન બેંક લી., ઈટાવા (યુ.પી.) ઉપર ₹ 0.50 લાખ (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) નો નાણાકીય દંડ લાદવામાં આવેલ છે.

ભારતીય રિઝર્વ બેંક દ્વારા બેંક ને કારણ દર્શક નોટીસ આપવામાં આવેલ છે, તેના અનુસંધાન માં બેંકે લેખિત જવાબ મોકલેલ છે.આ કેસ ની હકીકતો અને બેંકે આ બાબત માં આપેલ જવાબ અને વ્યક્તિગત સુનાવણી બાદ વિચાર કરીને ભારતીય રિઝર્વ બેંકે કાઢેલા નિષ્કર્ષ મુજબ આ ઉલ્લંઘનો પ્રમાણભૂત થયેલ છે અને તે બદલ દંડ લાદવામાં આવેલ છે.

**અજીત પ્રસાદ**

**સહાયક સલાહકાર**

**પ્રેસ પ્રકાશન : 2018-2019/2116**